# પહેલી ફરજ

– કૌશિક મહેતા

સોહોદ્રી ગામમાં સંજય તેનાં માતાપિતા સાથે રહેતો હતો. સંજયના પિતાજી લુહારનો ધંધો કરતા હતા. સંજયની માતા મંદબુદ્ધિની અને પગેથી અપંગ હતી. સંજય ભણવામાં ખૂબ હોશિયાર હતો. શાળામાં તેનો હંમેશા પહેલો નંબર આવતો.

એક દિવસ સંજયના પિતા લુહારીકામ કરતા હતા, ત્યાં અકસ્માત થયો ને સંજયના પિતાની બંને આંખો જતી રહી. પિતાજીનો ધંધો બંધ પડી ગયો, સંજયની માતા કાંઈ કામ કરી શકે તેમ ન હતી. ઘરમાં જે કાંઈ ખાવાનું હતું તે પણ ખૂટવા લાગ્યું ને બે ટંક ખાવાના પણ સાંસા થઈ પડયા. સંજય નાનો હતો તે પણ કાંઈ કામ કરી શકે તેમ ન હતો, પરંતુ કાંઈ કામકાજ ન કરે તો તેનાં મા-બાપ શું ખાય – તે સવાલ તેને ખૂબ સતાવતો. તેને વિચાર આવ્યો કે, 'મારે શાળાએ તો બપોરે જવાનું હોય છે, તો પછી સવારનો સમય અને શાળાએથી આવ્યા પછીનો સમય, હું કામ કરું તો કાંઈક કમાણી થાય ને મારાં માતાપિતાને બે ટંક ખવડાવી શકું.' પરંતુ કોઈ વ્યાપાર કરવા માટે પૈસા જોઈએ, તેણે પોતાનો ગલ્લો ફંફોસી જોયો, પરંતુ તે તો ખાલી હતો. થોડી વાર વિચાર્યા પછી તેણે પોતાનાં રમવાનાં રમકડાં કાઢયાં અને શાળાએ જવાની સાઈકલ પર તે રમકડાં લઈ બજારમાં ગયો. તેણે તે રમકડાં વેચી દીધાં, પરંતુ તેનાથી જે કાંઈ પૈસા મળ્યા તે તો થોડા જ હતા. તેણે સાઈકલ પણ વેચી દીધી અને જે કાંઈ પૈસા આવ્યા, તેમાંથી શાકભાજી ખરીદીને તેનો ટોપલો માથે લઈ ગામમાં વેચવા નીકળી પડયો.

તેની મીઠી વાણી અને મહેનતથી બધી શાકભાજી વેચાઈ ગઈ. તેમાંથી થોડું ખાવાનું લઈ ઘેર ગયો ને તેનાં માતાપિતાને જમાડયાં, પરંતુ ખાવાનું થોડું હતું, જેથી પોતાને માટે રહ્યું નહીં. તેણે પાણી પીધું ને શાળાએ જવા નીકળી પડયો.

હવે તો આ તેનો નિયમ બની ગયો. તે રોજ સવારે વહેલો ઊઠી શાકભાજી લઈ આવતો ને ગામમાં વેચતો. શાળાનો સમય થાય એટલે શાળાએ જતો. સાંજે ફરી ગામમાં શાકભાજી વેચવા નીકળી પડતો. આમ કરતાં તેના ઘરના બે ટંકના રોટલા નીકળવા લાગ્યા. તેના વર્ગશિક્ષક પણ આ ગામમાં જ રહેતા હતા. તે આ બધું જોતા હતા.

સંજયનો વધારે પડતો સમય તો શાકભાજી વેચવામાં ને બા–બાપુજીની સેવા કરવામાં જતથો. જેથી અભ્યાસમાં પૂરતું ધ્યાન આપી શકતો નહીં. પરીક્ષાનો સમય આવ્યો. સંજયે પરીક્ષા આપી. તે પાસ તો થયો, પરંતુ તેના માર્ક ઘણા ઓછા આવ્યા.

સંજય જાણતો હતો, તેનો વધારે પડતો સમય કામકાજમાં જાય છે, તેથી તે અભ્યાસ કરી શકતો નથી અને તેની તેના માર્ક ઓછા આવ્યા છે. તેણે પોતાનો નિયમ ચાલુ રાખ્યો. સંજય વિચારતો, ''મારી પહેલી ફરજ માબાપની સેવા કરવાની છે.''



શાળામાં વાર્ષિક સમારોહનો સમય આવ્યો. સંજય પણ બધા વિદ્યાર્થી સાથે સમારોહમાં ગયો, અને એક ખૂણામાં જઈ બેઠો. દર વર્ષે સંજયનો વર્ગમાં નંબર પ્રથમ આવે ને ઈનામ મળતું. ઇનામ વિતરણ ચાલુ થયું. સંજયના વર્ગમાં પ્રથમ નંબર આવનારનું નામ બોલાયું ને તે વિદ્યાર્થી ઇનામ લેવા સ્ટેજ પર ગયો. ત્યાં વર્ગશિક્ષકે ઊભા થઈને કહ્યું, ''થોભો, આ ઇનામનો અસલી હકદાર ત્યાં ખૂણામાં બેઠેલો સંજય છે. તેના માર્ક ભલે ઘણા ઓછા છે, પરંતુ તેણે જે કામ કર્યું છે તેની શીખ શાળાના બધા વિદ્યાર્થીઓએ લેવા જેવી છે; તેટલું જ નહીં, જગતના બધા વિદ્યાર્થીઓએ આ શીખ લેવા જેવી છે. તે અભ્યાસમાં કાચો રહ્યો છે, કારણ તેણે પોતાનાં મા–બાપને બે ટંક પૂરતું ખાવાનું મળી શકે, તે માટે રાત

દિવસ મહેનત કરી છે. ભલે તે આ પરીક્ષામાં નંબર ન લાવી શક્યો હોય, પરંતુ જીવનની પરીક્ષામાં તે સૌથી મોખરે છે.''

ત્યાં આચાર્યશ્રીએ ઊભા થઈ સંજયને બોલાવ્યો ને વર્ગના પ્રથમ નંબરનું જ ઇનામ નહીં, પરંતુ શાળામાં પ્રથમ નંબરના વિદ્યાર્થી તરીકેનું ઇનામ સંજયને આપ્યું, અને તે ભણે ત્યાં સુધી શાળા તરફથી શિક્ષણફી માફ કરી ને અન્ય સ્કોલરશિપ પણ સંજયને મળે તેવી વ્યવસ્થા કરી.

સંજય ગર્વથી ગદ્‌ગદ થઈ ગયો. તેની આંખો આંસુથી છલકાઈ ગઈ. ત્રુટક અવાજે તે માત્ર આટલું જ બોલી શક્યો : ''મારી પહેલી ફરજ મારાં મા–બાપની સેવા કરવાની છે. મેં મારી ફરજ નિભાવી છે.''

■